(1) સક્ષમ પ્લેટફોર્મ વિશે અસત્ય વિધાનો ચકાસો

1. આ પ્લેટફોર્મ આરોગ્ય મંત્રાલય દ્વારા બનાવવામાં આવ્યું છે.

2. તેનો ઉદ્દેશ્ય આરોગ્ય ક્ષેત્રે રહેલા લોકોને તબીબી શિક્ષણ અને તાલીમને પ્રોત્સાહન આપવાનો છે.

(A) એક પણ નહીં (B) માત્ર 1

(C) માત્ર 2 (D) 1 અને 2 બંને

- Explanation
- (B) માત્ર 1
- સમાચારમાં કેમ છે?
- હાલમાં કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજીવ ભૂષણ દ્વારા સક્ષમ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં હતું.
- આ પ્લેટફોર્મ રાષ્ટ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલ છે
- મુખ્ય હેતુ તબીબી ક્ષેત્રે રહેલા વ્યવસાયિકોને શિક્ષણ અને તાલીમ માટે પ્રોત્સાહન આપવાનો છે.

(2) ભારત ઈ-માર્ટ પ્લેટફોર્મ વિશે નીચેના અયોગ્ય વિધાનો ઓળખો.

1. આ પ્લેટફોર્મ કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલય દ્વારા બનાવવામાં આવ્યું છે

2. તે સમગ્ર ભારતમાં વેપારીઓના માલ સામાનની પીક અપ અને ડીલીવરી સેવાઓ પ્રદાન કરશે.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને (D) એક પણ નહીં

- Explanation
- (A) માત્ર 1
- સમાચારમાં કેમ છે?
- હાલમાં ભારતીય પોસ્ટ ઓફિસ દ્વારા 'ભારત ઈ-માર્ટ' પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે.
- ભારતીય પોસ્ટ સાથે CAIT અને ત્રીપતા (Tripata) ટેકનોલોજીએ આ પ્લેટફોર્મ વિકસાવવામાં મદદ કરી છે.
- તેનો મુખ્ય હેતુ સમગ્ર ભારતમાં રહેલા વેપારીઓને મદદરૂપ થવાનો છે.
- તમામ વેપારીઓને તેના માલ સામાનની પીકપ અને ડીલીવરી કરવામાં મદદરૂપ થશે.

વર્લ્ડ ઇનબોક્સ એકેડમી

(3) ભારતની પ્રથમ પોડ ટેક્સી કોના દ્વારા બનાવવામાં આવી છે?

(A) IIT મદ્રાસ
(B) યમુના ઓથોરિટી
(C) રાષ્ટ્રીય ગંગા નદી બેસીન ઓથોરિટી
(D) IIT, રૂરકી

- **Explanation**
- (B) યમુના ઓથોરિટી
- સમાચારમાં કેમ છે?
- હાલમાં ભારતમાં પ્રથમ પોડ ટેક્સી ચાલુ કરવામાં આવી છે.
- પોડ ટેક્સી એટલે શું?
- પોડ ટેક્સી એ સ્વયં સંચાલિત પર્યાવરણને અનુકૂળ વાહનો છે, જે રોડ ટ્રાફિકને ટાળવા માટે અલગ ટ્રેક ઉપર ચાલે છે.
- તેનું કદ નાનું હોવાથી તેમાં મર્યાદિત મુસાફર બેસી શકે છે.
- તે UP ના નોઈડા એરપોર્ટથી ફિલ્મ સીટી સુધી ચાલુ કરવામાં આવી છે.

(4) MiG-21 જેટ વિશે નીચેના યોગ્ય વિધાનો ચકાસો.

1. તેનો ઉપયોગ હવાથી હવા અને હવાથી જમીન એમ બંને હુમલા માટે થાય છે.
2. તેમાં કુલ 2 એન્જિનનો સમાવેશ થાય છે જેથી વધુ શક્તિથી ઉડી શકે છે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) એક પણ નહીં

- **Explanation**
- (A) માત્ર 1
- સમાચારમાં કેમ છે?
- MiG-21 એ ભારતીય વાયુસેના દ્વારા ઉડાડવામાં આવેલ લડાકુ વિમાનોમાંનું એક છે.
- તે એક ફાઈટર એરક્રાફ્ટ છે.
- તેનો ઉપયોગ હવા-હવા અને હવા-જમીન એમ બંને હુમલામાં થઇ શકે છે.
- તે સિંગલ એન્જિન વિમાન છે અને માત્ર એક વ્યક્તિ જ તેમાં બેસી શકે છે.
- તેને સૌપ્રથમ 1963માં IAFમાં સમાવવામાં આવ્યું હતું.

વર્લ્ડ ઈનબોક્સ એકેડમી

(5) ચંદ્રગુપ્ત પહેલા પછી એનો પુત્ર__________ગાદીએ આવ્યો. [Dy. SO 27/202021]

(A) શ્રી ગુપ્ત

(B) ચંદ્રગુપ્ત બીજો

(C) કુમાર ગુપ્ત

(D) સમુદ્રગુપ્ત

- Explanation
- (D) સમુદ્રગુપ્ત
- ચંદ્રગુપ્ત પહેલા (ઈસ. 319-335) બાદ ચંદ્રગુપ્ત પ્રથમ અને કુમારાદેવીનો પુત્ર સમુદ્રગુપ્ત (ઈસ. 335-375) ગાદીએ આવે છે.

(6) પુલકેશી બીજો____વંશનો સૌથી મહાન અને પ્રતાપી રાજા હતો [Dy. SO 27/202021]

(A) પ્રતિહાર

(B) પાલ

(C) ચાલુક્ય

(D) પલ્લવ

- Explanation
- C) ચાલુક્ય
- પુલકેશી બીજો ઈ.સ. 610-642 વાતાપી વર્તમાનમાં કર્ણાટકનો ચાલુક્ય વંશનો સૌથી પ્રતાપી શાસક હતો.
- નર્મદા કિનારે થયેલા યુદ્ધમાં તેણે ભારતના સમ્રાટ હર્ષવર્ધનને હરાવ્યો હોવાનો ઉલ્લેખ એહોલના અભિલેખમાં જોવા મળે છે

વર્લ્ડ ઇનબોક્સ એકેડમી